## ફોર્મ ભરતા પહેલાની ધ્યાને રાખવાની આવશ્યક સુચનાઓ

**સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયાના ફોર્મ ભરતા પહેલા ઉમેદવારે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લેવા જરૂરી છે**

૧. વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરવા માટે સૌ પ્રથમ **ug.gsauca.in** પર જઈને જરૂરી બધીજ વિગતો ભરી ફોર્મ ફી રૂ.૩૦૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન (UPI / ડેબીટકાર્ડ / ક્રેડીટકાર્ડ અથવા નેટબેંકીંગથી) ભરવાની રહેશે. ચલણ ફોર્મ ભરતી વખતે જો ઉમેદવારની રકમ તેઓના બેંક ખાતામાંથી ડેબિટ થઈ ગઈ હોય અને ચલણ નંબર જનરેટ ના થયો હોય, તો ૨૪ કલાક રાહ જુઓ અને ત્યારબાદ ચલણ નંબર જનરેટ ન થાય તો તમામ વિગતો સાથે **uggsauca@nau.in** પર ઈ-મેઈલ કરવાનો રહેશે.

૨. ફોર્મ ફી ભર્યાબાદ ઓનલાઈન ચલણ નંબર નાખવાથી ફોર્મ એકટીવેશન થશે અને ફોર્મ ભરી શકાશે.

૩. પ્રવેશ ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે તેમજ જરૂરી બધા જ અસલ (ઓરીજીનલ) ડોક્યુમેન્ટની સ્પષ્ટ વાંચી શકાય તેવી સ્કેન કોપી (pdf ફોર્મેટમાં), ઉમેદવારનો ફોટો અને સહીનો નમુનો (jpeg ફોર્મેટમાં) અપલોડ કરવાનાં રહેશે અને ત્યાર બાદ જ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

૪. ઓનલાઈન ભરેલ અરજી પત્રકમાં અપલોડ કરેલા તમામ ડોક્યુમેન્ટની ચકાસણી ઓનલાઈન જ થશે જેથી **વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ આવવાનું રહેતું નથી.**

૫. ઓનલાઈન ફોર્મ વેરીફાય થયા બાદ **"Your registration form is successfully verified"** નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવું ફરજીયાત છે. વિદ્યાર્થીએ જે તે પ્રોગ્રામ કેટેગરીમાં આવતી કોલેજોમાંથી પસંદગીની કોલેજોને અગ્રતાક્રમ મુજબ **ટીક (√)** કરવાની રહેશે. **જે ઉમેદવારોએ ચોઇસ ફીલીંગ કરેલ નહીં હોય તેવા ઉમેદવારોનું નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહીં. જે અંગેનો પાછળથી કોઈ હક્ક દાવો રહેશે નહીં.**

૬. જો ઉમેદવારે ભરેલ ફોર્મમાં કે અપલોડ કરેલા ડોક્યુમેન્ટમાં કોઇ ભૂલ હશે તો યુનિવર્સિટી કક્ષાએથી ફોર્મ અનવેરીફાઈ થયા બાદ **"Your registration form is unverified"** નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. આવા વિદ્યાર્થીઓએ **ug.gsauca.in** વેબસાઇટ પર **Check Application Status** અથવા રજીસ્ટર્ડ ઈ-મેઈલ પરથી ફોર્મનું સ્ટેટસ જાણી તેમાં આવેલ ક્વેરી (ક્ષતી) જોઈ વેબસાઇટ પર **Edit Application Form** માં જરૂરી સુધારો કરી ફરીથી સબમીટ કરવાનું રહેશે. ત્યારબાદ તે ફરીથી વેરીફાઈ કરવામાં આવશે અને **"Your registration form is successfully verified"** નો મેસેજ આવશે. **મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવું ફરજીયાત છે.**

૭. ચોઈસ ફીલીંગ કર્યા બાદ સુચવેલ અગત્યની તારીખ પ્રમાણે કામચલાઉ પ્રોગ્રામ કેટેગરી વાઈઝ મેરીટ લીસ્ટ અને મોક રાઉન્ડ બહાર પડશે જેનું વિશ્લેષણ કરી ચોઈસ ફીલીંગ (કોલેજ પસંદગીમાં) સુધારો કે વધારો કરી શકાશે.

૮. મોક રાઉન્ડની સુચિત તારીખ દરમ્યાન અંતિમ વખત ચોઇસ બદલી શકાશે ત્યારબાદ ચાલુ ઓનલાઇન એડમીશન પ્રક્રિયા દરમ્યાન ચોઈસ બદલી શકાશે નહીં.

૯. જે તે ડીગ્રી કોર્ષના નિયમોનુસાર પ્રોગ્રામ કેટેગરી/કોલેજ-વાઈઝ મેરીટ લીસ્ટ તૈયાર કરી નિયત તારીખો દરમ્યાન વેબસાઇટ **www.gsauca.in** અથવા **ug.gsauca.in** પર મુકવામાં આવશે.

૧૦ **ગુણ સુધારણા અથવા પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારો માટે :**
જે ઉમેદવારો ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ દ્વારા જૂન/જુલાઈ-૨૦૨૪માં લેવાનાર તમામ વિષયોની ગુણ સુધારણા અથવા પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં **માત્ર ફોર્મ** ફી રૂ.૩૦૦/- (નોન રિફંડેબલ) ઓનલાઈન (UPI/ડેબીટકાર્ડ/ક્રેડીટકાર્ડ અથવા નેટબેંકીંગથી) ભરી **ચલણ ફોર્મ ભરવાનું રહેશે** અને પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ જ તે ચલણથી વેબસાઇટ પર સૂચના મૂકવામાં આવશે તે મુજબ નિયત તારીખમાં ફોર્મ ભરવાનું રહેશે અને ત્યારબાદ નિયત સમયમાં વેરીફાઈ કરાવી ચોઈસ ફિલિંગ કરી લેવાની રહેશે. (એટલે કે ગુણ સુધારણા/પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારોએ તેઓનું પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી હાલ માત્ર ચલણ જ ભરવાનું રહેશે.)